ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૬/૦૬/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સાયન્સ સેમિનાર–૨૦૧૪ કાર્યક્રમનું આયોજન

દર વર્ષે નેશનલ કાઉન્સિલ દ્વારા વિજ્ઞાન સંબંધિત અલગ અલગ વિષયો પર કાર્યક્રમો યોજવામાં આવે છે. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક ક્ષમતાને બહાર લાવવાનો છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાના સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક શાળામાંથી ધોરણ ૮ ના તેમજ માધ્યમિક શાળામાંથી ધોરણ ૯ થી ૧૦ ના કોઈપણ એક (૧) વિદ્યાર્થી ભાગ લઈ શકશે. આ સેમિનારનો વિષય **INNOVATION IN AGRICULTURE FOR A SUSTAINABLE : PROSTECTS & CHALLENGES** (ટકાઉ ભવિષ્ય માટે કૃષિમાં શોધો, શકયતાઓ અને પડકારો) રહેશે.

આ જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારમાં ભાગ લેવા ઈચ્છતી શાળાઓએ ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ,ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકશ્રીનું નામ સહિતની તમામ વિગત શાળાના લેટરહેડ પર ૧૦ જુલાઈ '૨૦૧૪ સુધીમાં સવારનાં ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન',પ્લોટ નં.૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર** ખાતે નોંધાવાની રહેશે.

કાર્યક્રમની વધુ માહિતિ માટે ફોન.૨૫૭૦૧૧૦ અથવા ૨૫૭૦૧૧૧ પર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવેલ છે. લોક વિજ્ઞાન કેન્દ્રને આપની શાળાની એન્ટ્રી મળ્યા બાદ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સેમિનારના સ્થળ અંગેની જાણ શાળામાં કરવામાં આવશે.

પ્રી.પ્ર.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર